॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥



# કિસ કો લાગૂં પાય...?

-યોગભિક્ષુ

## ओीश्वर का बोधक ( नाम ) प्रणव/ओम् है ।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है, अैसा पुरुषविशेष/चेतनविशेष ओीश्वर है ।

(२५) ओीश्वर संपूर्ण सर्वज्ञ है ।

(२६) ओीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म-मृत्यु से) पर है ।

(२७) ओीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना ।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है ।

# કિસ કો લાગૂં પાય...?

- યોગભિક્ષુ

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
સી-૩૯, રવિકુંજ એપાર્ટમેન્ટ,
પ્રભાત ચોક, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૩૧૩૬૭૫૭૨૮

જયનારાયણ ગ્રન્થાવલિ પુષ્પ-૬

© સર્વ હક્ક : પ્રકાશકને સ્વાધીન.

| | | | |
|---|---|---|---|
| આવૃત્તિ : પ્રથમ | - | ઑક્ટોબર-૮૪ | પ્રતઃ ૧૦૦૦ |
| દ્વિતીય | - | ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૧ | પ્રતઃ ૨૦૦૦ |
| તૃતીય | - | ૨૦ જુલાઈ, ૧૯૯૭ (ગુરુ પૂર્ણિમા) | |
| ચતુર્થ | - | ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ | |

પ્રત : ૫૦૦

મૂલ્ય રૂ. ૩૫.૦૦

મુદ્રક :
શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ,
૬, રંભા કોમ્પ્લેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
મો. :૯૮૨૫૨૭૭૩૫૦

# કિસકો લાગૂં પાય...?

**ગુરુ-ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગૂં પાય?**
**બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતાય!**

આર્ય-પરંપરામાં એક આદર્શ પ્રથા છે કે ગુરુ-સંતો આંગણે પધારે ત્યારે તેમની સાચા હૃદયથી પૂજા-અર્ચા કરીને પાય લાગવું, ચરણ-સ્પર્શ કરવો. ઉપરના દોહરામાં એક સમસ્યા, એક પ્રશ્ન રજૂ કરાયો છે. શાસ્ત્ર-નિયમ મુજબ ગુરુ-સંતોનો ચરણસ્પર્શ તો કરવો છે પણ જો ગુરુદેવ અને ગોવિંદ અર્થાત્ પરમાત્મા; બંને જો એકી સાથે આંગણામાં આવીને ઉભા રહે તો શું કરવું? તો પ્રથમ ચરણસ્પર્શ, પ્રથમ નમસ્કાર કોને કરવા? બીજી લીટીમાં તેનો સુંદર જવાબ પણ આપી જ દીધો છે કે - ગુરુદેવની જ બલિહારી છે, તેમને જ સમર્પિત થઈ જાઉં, તેમને જ પ્રથમ વંદન કરું. કારણકે તેમણે જ ગોવિંદનાં દર્શન કરાવ્યાં. જો તેઓ ન હોત તો ગોવિંદ જ ક્યાંથી હોત? તેમને ઓળખત જ કેવી રીતે? ગોવિંદની મહત્તા જ કોણ સમજાવત? શાસ્ત્રોની અમુક અમુક પરિપાટી છે તેની જાણકારી જ કોણ આપત? માટે પ્રથમ નમસ્કાર તો મારા ગુરુજીને જ કરું. સંયમ-નિયમના અભાવમાં, વ્યવહાર-પ્રપંચના ચક્કરમાં અને ભ્રમણાઓના ભયંકર ભંવરમાં મારું જીવન-નાવડું ચોદિશ ફેંકાતું હતું, ક્યારે કયા ખડક જોડે ટકરાઈને ચકનાચૂર થઈ જાત તેની લેશમાત્ર પણ ખબર નહોતી; તેમાંથી ગુરુજનો દ્વારા પ્રાપ્ત થયેલી સાચી સમજણરૂપી દીવાદાંડીથી રક્ષા થઈ. ભયંકર અભિમાની અને અવળચંડા સ્વભાવવાળા એવા મુજને તેમણે અતિ વાત્સલ્ય અને કરુણા વરસાવીને, મનુષ્યજન્મ સાર્થક કરી શકું એવો પળોટ્યો. મારો સ્વભાવ અહંકારી અને અવળચંડો છે તેની ખબર પણ તેમની કૃપાથી જ પડી. માટે પહેલું નમન તો મારા ગુરુદેવને જ કરું.

આમ, ઉપરના દોહરામાં અતિ સુંદર પ્રશ્ન અને તેનો અતિ સુંદર ઉત્તર આપ્યો છે. આ વાતને હજુ પણ થોડી વધુ સમજાવવાનો પ્રયત્ન કરીએ -

ગુરુને શા માટે ઈચ્છીએ છીએ? શા માટે તેમનું ચયન કરવાનું છે ? એટલા માટે કે તેઓ દ્વારા ગોવિંદને પ્રાપ્ત કરીએ - ઓળખીએ. ગુરુને ધારણ તો એટલા માટે કર્યા કે તેઓ દ્વારા ગોવિંદની પ્રાપ્તિ થાય. પણ ગોવિંદની પ્રાપ્તિ શા માટે કરવાની છે? તેમને પ્રાપ્ત કરીને શું કરવાનું છે તેનો વિચાર કદી કર્યો છે? કદી નથી કર્યો! ગુરુની પ્રાપ્તિ દ્વારા જેમ ગોવિંદને પ્રાપ્ત કર્યા તેમ ગોવિંદની પ્રાપ્તિ દ્વારા સાચાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવાનાં છે. અંધા ક્યા ચાહે? દો આંખેં. વળી આગળ પણ કહ્યું છે કે -

ભૂખે ભજન ન હોય ગોપાલા,
યહ લો કંઠી, યહ લો માલા.

શરીર ધારણ કર્યું છે તો શરીરધારીને પ્રથમ જરૂરત શરીરના ભરણપોષણ-રક્ષણની છે. પછી અન્ય સુખ-સગવડની છે. પરંતુ તમામે તમામ સ્થૂળ, ભૌતિક સુખ-સગવડો અને શરીર પણ છેવટે તો દુઃખદાતા અને નાશવાન જ છે. વ્યવહાર-પ્રપંચનાં બધાં જ સુખ-

સગવડોની પ્રતિક્રિયા દુઃખ છે. આત્યંતિક સુખ તો અર્થાત્ પ્રતિક્રિયા વિનાનું સુખ તો મોક્ષ - ''કૈવલ્ય'' છે. જીવમાત્ર પ્રતિક્રિયા વગરના સુખને ઝંખે છે. પણ તે ક્યાંથી મળશે તેની ખબર નથી તેથી તે મૃગજળ પાછળ વર્ષો અને જન્મો સુધી દોટ મૂક્યા કરે છે!

દુઃખની પ્રતિક્રિયા વિનાનું સુખ, અર્થાત્ સનાતન સુખ, અર્થાત્ જન્મ-મરણના ચક્કરમાંથી સદા-સર્વદા માટે મુક્ત થઈ જવું તે જ છે ગોવિંદની પ્રાપ્તિ. સદ્‌ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ સાચી સમજણ દ્વારા જ આવા ગોવિંદને પ્રાપ્ત કરી લેવાના છે અને પછી જ ગર્જના કરવાની છે કે-

બલિહારી ગુરુદેવ કી,
ગોવિંદ દિયો બતાય.

જે કાંઈ છે તેના ''છે'' નો અને જે કાંઈ નથી તેના ''નથી'' નો અનુભવ કરી લેવો તે જ સાચું દર્શન છે, તે જ ગોવિંદ-દર્શન છેઃ વર્ષો અને જન્મો સુધી સેવેલી આપણી ભ્રમિત કરનારી ભ્રમણાઓને ભાંગીને ભુક્કો કરે એવી અણગમતી રજૂઆત પચાવવી મુશ્કેલ છે. જો તેટલી શૂરવીરતા આપણામાં હોય તો તેણે પછી ગોવિંદ-દર્શનમાં વાર ક્યાં હતી? વીજળીના ઝબકારે મોતી પરોવી લેવું હોય તો હરદમ સાવધાની રાખવી પડે.

**સાત સમંદર સ્યાહી કરું, કલમ સકલ વનરાઈ;**
**અનંત હાથ હરદમ લખે, પણ ગુરુગુણ લખ્યા ન જાઈ.**

**આવો જબરજસ્ત ગુરુમહિમા ગાયો છે; તે અતિશયોક્તિવાળો ત્યાં સુધી જ લાગે છે કે જ્યાં સુધી તેને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન ન કરીએ. લઘુતાઓ માત્રનો નાશ કરીને ગુરુતામાં-ગુરુપદમાં જે સ્થિર કરે તે ગુરુ; જેઓ પોતે ''લઘુતા''નું લાંછન વહોરીને પણ ગુરુતા બક્ષે તે ગુરુ.**

એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય;
જો તૂ સેવે મૂલ કો, ફૂલે, ફૂલે, અઘાય.

ભાવાર્થ : એકને સાધવાથી બધું જ સધાઈ જાય છે, બધું સાધવા જતાં બધું જ જાય છે. જો તું મૂળને સેવીશ તો ફૂલીશ, ફળીશ અને તૃપ્ત થઈશ.

જો ઝાડની ડાળીએ-ડાળીને, પાંદડા-પાંદડાને પોષણ પહોંચાડવું હોય તો ઝાડના મૂળમાં પાણી રેડવું પડે. ઝાડની ડાળી પર કે પાંદડા પર પાણી રેડવાથી તેને પોષણ પહોંચી શકતું નથી.

અન્ય અનેક સાધનાઓ કરવાથી ઘણું બધું પ્રાપ્ત થતું હશે પણ તેનાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી. મોક્ષની પ્રાપ્તિ માટે તો દીર્ઘકાળ સુધી, નિરંતરપણે અને પ્રેમપૂર્વક ગુરુસેવનની જરૂરત રહે છે. એક માત્ર સદ્‌ગુરુની સાધના કરવાથી મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે. સર્વ સાધનાઓનો નિચોડ મુક્તિ છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મુક્ત થવાનો પ્રયત્ન ન થયો તો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો.

ગુરુગીતામાં કહ્યું છે કે :

શિવ રુષ્ટે ગુરુસ્રાતા ગુરૌ રુષ્ટે ન કશ્ચન
લબ્ધ્વા કુલગુરુસમ્યક્ ગુરુમેવ સમાશ્રયેત.

ભાવાર્થ : શિવના રૂઠવાથી ગુરુ રક્ષણ કરે છે પણ ગુરુના રૂઠવાથી કોઈ રક્ષણ કરી શકતું નથી. માટે ગુરુજીનો સારી રીતે આશ્રય કરવો.

જો શિવ કોપાયમાન થાય તો તેમની કેવી રીતે શાંત કરવા તે માટે ગુરુદેવની સલાહ લઇ શકાય છે. પણ જો ગુરુદેવ કોપે તો તેમને શાંત કરવા શિવ પણ મદદ કરી શકતા નથી. તેમને પણ શાસ્ત્ર-મર્યાદામાં રહેવું પડે છે અને તેથી તેઓ એમ કહે છે કે પ્રથમ તું તારા ગુરુદેવને શાંત કરીને પછી મારો પાસે આવ. વળી જીવન-સંગ્રામમાં આવતી અનેક મુસીબતોના સમયે દોડીને ગુરુના ચરણોમાં પહોંચી જઈને રક્ષણ મેળવી શકાય છે. તે માટે શિવ પાસે જઇ શકાતું નથી. કારણકે શિવને ગોતવા ક્યાં ? શિવ સ્થૂળ દેહધારી નથી. વળી જીવને શિવની ઓળખ કરાવનારા પણ ગુરુદેવ જ છે.

ઓર દેવતા ચિત્ત ન ધરઈ,<br>
હનુમંત સેઈ સબ સુખ કરઈ.

ઉપરની હનુમાન-ચાલીસાની પંક્તિઓમાં પણ એકની ઉપાસના પર જ ભાર મૂકવામાં આવ્યો છે. સર્વ સુખોના નિચોડરૂપ મોક્ષસુખ કેવળ એકની સાધના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

મધુનો લોભી ભમરો જેમ મધુ માટે એક ફૂલથી બીજા ફૂલ પર ભમ્યા કરે છે તેમ મોક્ષ-જિજ્ઞાસુએ પણ ગુરુદેવની પાછળ પાછળ ફરવાનો આદેશ ગુરુગીતમાં આપેલો છે.

શાસ્ત્રોમાં ગીતા હૃદય સમાન છે. ઘણા પ્રકારની ગીતાઓ પ્રચલિત છે. બધી ગીતાઓમાં ગુરુગીતા હૃદય સમાન છે. કારણકે તે ગુરુમહિમા-ગાનથી છલોછલ ભરેલી છે. ગુરુગીતામાં પણ નીચેનો શ્લોક હૃદય સમાન છે.

ધ્યાનમૂલં ગુરોમૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્<br>
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા

ભાવાર્થ : ધ્યાન કરવા યોગ્ય કેવળ ગુરુદેવની મૂર્તિ જ છે; ગુરુમૂર્તિના ધ્યાનથી, ધ્યાન સરળતાથી સિદ્ધ થઇ શકે છે. પૂજા કરવા યોગ્ય કેવળ ગુરુચરણો જ છે; ગુરુચરણોની પૂજામાં જ સર્વ પૂજાઓનો સમાવેશ થઇ જાય છે. ગુરુદેવનું એક એક વાક્ય મંત્ર સમાન છે, પછી અન્ય કોઈ મંત્રની આવશ્યકતા રહેતી નથી અને મોક્ષ મેળવવાનું મુખ્ય સાધન ગુરુકૃપા જ છે, બીજાં સાધનો ગૌણ છે. અસ્તુ.

"ગુરુ-ગોવિંદ દોનોં ખડે" - આ પંક્તિને આ રીતે પણ સમજાવી શકાય :

"દોનોં ખડે" એટલે ગુરુ અને ગોવિંદ બંને જુદી-જુદી વ્યક્તિઓ ઉભી છે એમ સમજવાનું નહીં, "દોનોં ખડે"નો એવો અર્થ કરવાનો નહીં. ગુરુદેવ એક જ વ્યક્તિ ઊભા છે પણ ગુરુદેવમાં ગોવિંદ પણ ઓતપ્રોત થયેલા છે. તેથી "દોનોં ખડે" છે. જો ગુરુદેવમાં જ ગોવિંદ ઓતપ્રોત થઈને ઊભા હોય તો પ્રથમ નમસ્કાર ગોવિંદને કઈ રીતે કરી શકાય ? આપણી સ્થૂળ દૃષ્ટિને પ્રથમ ગુરુદેવનું સ્થૂળ શરીર જ દેખાય છે તેથી પ્રથમ નમસ્કાર તેમને

જ થયા કહેવાય. સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગુરુદેવમાં ચૈતન્ય તત્ત્વરૂપે વસેલા ગોવિંદનો અનુભવ બાદમાં થાય છે તેથી ગોવિંદને નમસ્કાર પછીથી થયા કહેવાય. પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં, ગુરુ અને ગોવિંદ બંનેને એકી સાથે જ નમસ્કાર થઈ જાય છે. આવી અટપટી સમસ્યાઓ ઊભી કરીને અનુભવીઓ સાત્ત્વિક આનંદ આપવાનો પ્રયત્ન કરતા હોય છે. અસ્તુ.

(ગુરુપંથાવલંબીઓ માટે, ગુરુપ્રેમીઓ માટે, ગુરુ-શિષ્ય-પરંપરામાં માનવવાળાઓ માટે ગુરુપૂર્ણિમાનો દિવલ મહામૂલો છે. અનેક આધ્યાત્મિક મંડળો ગુરુપૂર્ણિમાનો દિવસ ધામધૂમથી ઊજવે છે જેથી શિષ્યગણ ગુરુપૂજન અને ગુરુસેવાનો લાભ લઈ શકે. ઓમપરિવાર પણ દર વર્ષે ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરે છે. આ પ્રસંગે જુદાં જુદાં સ્થળોએથી ગુરુપ્રેમીઓ આવે છે, ગુરુપૂજનનો લાભ લે છે અને ગુરુદેવ પાસેથી આખું વર્ષ ચાલે એટલું આધ્યાત્મિક ભાથું બાંધે છે. ગોવિંદપુરા મુકામે યોજાયેલ આવા જ એક ગુરુપૂર્ણિમા મહોત્સવના પ્રસંગે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ તાત્ત્વિક વાતો કરેલી જે અહીં રજૂ કરીએ છીએ.)

# ગુરુપૂર્ણિમા

## (અને તેનું આમંત્રણ)

આજે ગુરુપૂર્ણિમાનું મહાપર્વ. સૌ ગુરુપ્રેમીઓ હોંશે હોંશે અહીં આવ્યા છે. પણ કોઈ કોઈ ગુરુપ્રેમીઓ નહીં પણ આવી શક્યા હોય. કોઈ તો એવા પણ હોય છે જે ઓછી સમજણના કારણે આમંત્રણની રાહ જુએ છે. જેમનાં સરનામાં આપણી પાસે હોય છે તેમને સૌને ઓમ્‌પરિવારના આધ્યાત્મિક ઉત્સવો અને કાર્યક્રમોની આમંત્રણ-પત્રિકા મોકલી શકાય છે; પણ જેમનું સરનામું આપણી પાસે નથી તેમને મોકલી શકાતી નથી. ઓમ્‌પરિવાર તો ઘણો મોટો છે તેથી બધાંનાં સરનામાં આપણી પાસે ક્યાંથી હોય ? ખરેખર તો આધ્યાત્મિક કાર્યક્રમમાં આવવા માટે અને ભાગ લેવા માટે આમંત્રણની જરૂરત જ નથી હોતી. જેઓને ગુરુસંતોમાં પ્રેમ છે, જેઓ ગુરુસંતોને પોતાના માને છે તેમને આમંત્રણની જરૂરત જ નથી હોતી. જેઓ ગુરુસંતોનાં દર્શનાભિલાષી છે, જેમને સત્સંગ પ્રિય છે, જેઓ આધ્યાત્મિક વ્યક્તિઓને મળવા આતુર છે અને જેમનામાં પોતાનાં ગુરુભ્રાતા-ભગિનીઓને મળવાની આકંઠ આતુરતા છે તેમને કોઈને આમંત્રણની આવશ્યકતા નથી. મંદિરમાં દર્શને જઈએ છીએ ત્યારે કોઈના આમંત્રણની રાહ જોઈએ છીએ? સત્સંગમાં, કથામાં કે પારાયણમાં જઈએ છીએ ત્યારે કોઈ આપણને આમંત્રણ આપે છે? ત્યારે આમંત્રણની જરૂરત જ નથી. જો તે વખતે પણ આમંત્રણની રાહ જોઈએ તો આપણા જેવું અહંકારી અને અજ્ઞાની બીજું કોણ ? આવા પ્રસંગોએ આમંત્રણની રાહ જોવી તે તો નુકસાનીનો વેપાર!

આજે તો ગુરુપૂર્ણિમાનું મહાપર્વ-ગુરુપર્વ-અતિ મૂલ્યવાન પર્વ છે. ગુરુપૂર્ણિમા આખા વર્ષમાં એક જ વખત આવે છે. આમાં આમંત્રણની અપેક્ષા રખાય જ નહીં. માતાપિતાના ઘરે જઈએ છીએ ત્યારે આમંત્રણની રાહ જોઈએ છીએ? નથી જોતા. ભાઈ, બહેન કે મિત્રના ત્યાં પણ

વગર આમંત્રણે જઈએ છીએ. કારણકે તે સૌમાં આપણને 'પોતાપણા'નો ભાવ છે. તે રીતે, ગુરુસંતો પણ આપણને આપણા લાગતા હોય તો આપણા મનમાં આમંત્રણનો ભાવ ઉદ્ભવે જ નહીં. અધિકારી જીવો તો વગર આમંત્રણે ઉત્સવમાં પહોંચીને ઉત્સવની શોભા વધારે છે.

પરંતુ જેમને ગુરુસંતો પ્રત્યે ભાવ નથી, પ્રેમ નથી, રસ નથી તેમને આમંત્રણ હોય તોય શું કામનું? જેમના મનમાં ભેદ છે, જેઓ બીજાનાં માત્ર છિદ્રો જોવા જ આવે છે, બીજાની ગુરુનિષ્ઠાને તોડવા જ આવે છે તેમને આમંત્રણ મળે તો પણ ન મળ્યા બરાબર છે. જેઓ વેપારીવૃત્તિથી કે વિકારીવૃત્તિથી કે મનોરંજનવૃત્તિથી કે હારજીતની ભાવનાથી આવા આધ્યાત્મિક ઉત્સવોમાં આવવા ઇચ્છા રાખે છે તેમણે સૌએ આમંત્રણ-નિમંત્રણ મળવા છતાંય ન જ આવવું જોઈએ; એમાં જ એમનું કલ્યાણ છે. શઠ લોકો ગમે તેવા છદ્મવેશે, કે કુટિલવૃત્તિએ, કે નિપુણ અભિનેતા બનીને આવશે તોય તેમને ગુરુસંતો આસાનીથી પારખી લેશે. પણ ગુરુસંતો એટલે ગુરુસંતો ! તેઓ ઉદારભાવે સૌને નિભાવી લે છે, સૌને ક્ષમા કરી દે છે. હવે જ આપત્તિ શરૂ થાય છે. ગુરુસંતો ક્ષમા કરી દે છે તેથી તે કેસ કુદરતને ચલાવવો પડે છે. કુદરતનો-કર્મનો નિયમ છે, પૂર્ણ અને અચૂકપણે ફળ આપવાનો. તેથી કુદરત હજાર ગણી સજા કરે છે. અનુભવીઓનું કથન છે કે -

જો તોકો કાંટા બોવે, તાકો બોવ તું ફૂલ;
તોહી ફૂલકો ફૂલ હૈ, વાકો હૈ તરશૂલ.

ભાવાર્થ : જે તારા રસ્તામાં કાંટા વાવે છે તેના રસ્તામાં પણ તું ફૂલ વાવ. કારણ કે ફૂલ વાવનારાને જ ફૂલ મળે છે અન કાંટા વાવનારાને કાંટા જ મળે છે, ત્રિશૂલરૂપી ગોખરું જ મળે છે.

માટે અનઅધિકારીઓએ આમંત્રણ મળે છતાં નથી મળ્યું એમ માનીને પોતાના કલ્યાણ ખાતર ઉત્સવમાં હાજરી આપવી જોઈએ નહીં અને જે અધિકારી છે તેમણે તો વગર આમંત્રણે પણ, ખબર પડતાંની સાથે જ દોડી જવું જોઈએ, એમાં જ એમનું કલ્યાણ છે.

ઉત્સવની આમંત્રણ-પત્રિકા એટલા માટે મોકલાય છે કે તેથી ગુરુસંતપ્રેમીઓને ખબર પડે કે અમુક જગ્યાએ ઉત્સવ ઊજવાઈ રહ્યો છે અને તેથી હાજર રહી શકે. એક ગામમાં અનેક પ્રેમીઓ રહેતા હોય તેમાંથી એકને જ પત્રિકા મળી હોય તો તેણે સર્વ પ્રેમીઓને ખબર આપી દેવી જોઈએ. આમ, પત્રિકા ન મળે તો પણ આપણે જો સાચા ગુરુપ્રેમી-અધિકારી હોઈએ તો ઉત્સવમાં પહોંચી જઈએ; ભલે બીજા દ્વારા ઉત્સવની જાણ થઈ હોય.

આપણે જો ગુરુસંતો સાથે આધ્યાત્મિક સ્નેહથી બંધાયા જ ન હોઈએ, તેમની સાથે સાત્ત્વિક મમતાથી સંધાયા જ ન હોઈએ; પણ માત્ર પ્રદર્શન કરવા જ, કે દેખાદેખી, કે વ્યાવહારિક રીતે, કે વટ ખાતર જ જો જતા હોઈએ તો આમંત્રણની રાહ જોવી પડે! આવી રીતે ઉત્સવમાં જનાર ત્યાં ઝાઝો સમય ટકી શકતા નથી, કે સૌની સાથે ભળી શકતા નથી, કે પૂરા કાર્યક્રમમાં હાજરી આપી શકતા નથી. કપટયુક્ત થઈને ઉત્સવમાં અને સત્સંગમાં હાજરી આપનારની સ્થિતિ જળકમળવત્ હોય છે. જેમ કમળ પાણીમાં સતત રહેવા છતાંય કોરું જ રહે તેમ તેઓ પણ સાવ કોરા જ રહે છે, થોડો પણ લાભ લઈ શકતા નથી અને મોટે ભાગે તો પોતાની થોડી સુકૃતની મૂડીને પણ વધુ થોડી કરીને પાછા આવે છે.

પ્રેમ અને નિષ્ઠા વિનાનો મનુષ્ય પણ જો જળકમળવત્ રહી શકતો હોય તો પ્રેમ અને નિષ્ઠાયુક્ત મનુષ્યોએ તો પોતાની નિષ્ઠામાં કેટલું અચળ અને અડગ રહેવું જોઈએ? કોની તાકાત છે કે આપણી પ્રેમ અને નિષ્ઠામાં તલભાર પણ ફર્ક પાડી શકે? ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નિષ્ઠા જો અતિ અલ્પ પ્રમાણમાં કે અતિ અલ્પ સમય માટે પણ જો ડગી જાય તો તે નિષ્ઠા, નિષ્ઠા જ નથી.

## ગુરુપૂર્ણિમા એટલે ગુરુપર્વ

ગુરુપર્વ એટલે ઘણું મોટું પર્વ, મહત્ત્વનું પર્વ, અતિ ઉપયોગી પર્વ. મનુષ્યોમાં જેવું સ્થાન ગુરુનુંછે, પર્વો અને ઉત્સવોમાં તેવું સ્થાન ગુરુપર્વનું છે. આપણે ઘણાં પર્વો ઊજવીએ છીએ. લગ્ન ઇત્યાદિ વ્યાવહારિક પ્રસંગોને પણ ધામધૂમથી ઊજવીએ છીએ. બધાં જ વ્યાવહારિક અને આધ્યાત્મિક પર્વોમાં ગુરુપર્વ મુખ્ય છે. આપણી પરંપરા કહે છે કે કાંટો કાઢનારનો પણ ગુણ ભુલાય નહીં. તો, ગુરુસંતોના અનહદ અને અહૈતુકી ઉપકારો તો ભુલાય જ કેમ? તેઓ તો આપણને સતત આપ્યા જ કરે છે. તેઓ એવી સ્વાભાવિકતાથી આપે છે કે તેની આપણને ખબર જ ન પડે અને એટલું બધું આપે છે કે આપણે તેની ગણતરી જ ન કરી શકીએ. જેમ સૂર્યનારાયણ સતત આપ્યા જ કરે છે, તેમ ગુરુસંતોના પણ આપણા ઉપર અગણિત ઉપકારો છે. જો આપણે વ્યાવહારિક પ્રસંગો પણ ધામધૂમથી ઊજવતા હોઈએ તો આ ગુરુપર્વનો પ્રસંગ તો કેવી ધામધૂમથી, અલૌકિક રીતે અને વિશિષ્ટ પ્રકારે ઊજવવો જોઈએ?! ''સત્સંગ-પરાગ'' પુસ્તિકામાં એક સુવાક્ય આવે છે કે ''ગુરુજનો સમાજના મરજિયાત દેણદાર છે.'' તેઓ દેણદાર તો છે પણ કેવા દેણદાર? મરજિયાત દેણદાર. આપણી પાસેથી ઉછીનું લીધું છે અને તે પાછું આપે છે તેમ નહીં. પરંતુ પોતાની મરજીથી, પોતાની પાસેનો અતિ મૂલ્યવાન ખજાનો આપે છે અને તે પણ, કાંઈ પણ બદલાની આશા સિવાય! તેઓ તરફથી જે કાંઈ મળે છે તેની તુલનામાં આપણે જે કાંઈ તેમના માટે કરીએ છીએ તેનું કાંઈ જ મૂલ્ય નથી. વળી, તેમને તો કાંઈ પણ લેવાની ઈચ્છા પણ નથી. છતાં, માત્ર આપણા સંતોષ ખાતર અને અર્પણ કરવાનો આપણને લ્હાવો મળે એટલા માટે જ આપણું કાંઈ સ્વીકારે છે. તેમની સ્થિતિ તો આવી છે -

તીન ટૂક કૌપિનકો, અરુ બિન ભાજી લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઇન્દ્ર બાપડો કૌન?

ગુરુસંતો તો સતત આવી મસ્તીમાં રહે છે.

આ રીતે, ગુરુપર્વ અર્થાત્ ગુરુપૂર્ણિમા એ બીજાં બધાં જ પર્વો કરતાં અતિ મૂલ્યવાન પર્વ છે. આપણે જાણ્યેઅજાણ્યે પરિચિત-અપરિચિત ગુરુસંતો પાસેથી સતત અને ખૂબ જ મેળવતા રહીએ છીએ. આપણે હાલમાં જે કાંઈ ઉન્નતિના પંથે છીએ તે પૂજ્ય, શ્રદ્ધેય, ગુરુસંતોના પ્રતાપે જ છીએ. કોઈ અજાણ્યો માણસ આપણને સાવ થોડી મદદ કરે છે તો પણ આપણે બદલામાં તેને 'આભાર' કહીએ છીએ. કેમ કે તે પારકો

હતો તેથી. પણ જો આપણાં કોઈ સગા, ભાઈ, માતા, પિતા કે મિત્ર આપણને મદદ કરે તો આપણે તેમને 'આભાર' એમ કહેતા નથી. કારણ કે આપણે સમજીએ છીએ કે તેઓ મદદ કરે છે તે સ્વાભાવિક છે, તેમનો એ ધર્મ છે, ફરજ છે. ગુરુસંતો પાસેથી જે કાંઈ મળે છે તેના બદલામાં 'આભાર' કહેવાનું નથી હોતું. તે માટે તો આપણે તેમની સેવા-પૂજા કરીને, અંજલિ આપીને લ્હાવો લઈ શકીએ છીએ. આવો લ્હાવો લેવાનું અને ભાવાંજલિ અર્પણ કરવાનું પુનિત પર્વ, તે છે ગુરુપૂર્ણિમા. ગુરુપૂર્ણિમા ખૂબ ધામધૂમથી ઊજવવી તે આપણી ફરજ છે, તે આપણો ધર્મ છે એવી આપણને સમજ હોવી જોઈએ. નગુણા થવું કોઈને ગમતું નથી. આપણા ભૌતિક જીવનમાં પણ આપણા માટે જેણે જેણે થોડું કાંઈ પણ કર્યું છે તેના માટે કાંઈ કરી છૂટવાની આપણે રાહ જોતા હોઈએ છીએ. ગુરુજનોના ઉપકારોનો તો કોઈ પાર નથી. તેના બદલામાં તેમને ફક્ત અંજલિ આપી શકીએ. ગુરુસંતોને બદલો આપી શકીએ તેટલી તો આપણી તાકાત જ નથી. ફક્ત અંજલિ આપવાનો લ્હાવો લઈ શકીએ. આવો અલૌકિક લ્હાવો લેવાનો દિવસ તે છે ગુરુપૂર્ણિમા.

ગુરુસંતો અને સાધુપુરુષો એક સ્થળેથી બીજા સ્થળે સતત ભ્રમણ-વિચરણ કરતા રહે છે, જેથી તેમના જ્ઞાનભંડારનો આખા સમાજને લાભ મળે. જો તેઓ એક જ સ્થળે વધુ સમય રોકાઈ રહે તો સમાજને તેમનો પૂરતો લાભ મળે નહીં. તેથી એક જગ્યાએ વધુ રોકાવાની શાસ્ત્રોમાં તેમના માટે મનાઈ છે. વળી, જો તેઓ એક સ્થાનમાં વધુ રહે તો આસપાસના સમાજ જોડે તેમને મોહમમતા બંધાય અને તેથી મુખ્યપણે જે મમતા છોડવા માટે કુટુંબ, ઘરબાર, સગાંસ્નેહી વગેરેને છોડ્યાં હતાં તે મમતા પાછી વળગે. પુત્રની જગ્યાએ શિષ્ય, પુત્રીની જગ્યાએ શિષ્યા અને ઘરની જગ્યાએ આશ્રમ ઊભો થાય. આમ, એક નહીં તો બીજા સ્વરૂપે મોહમમતા પાછાં વળગે. તેથી સાવધાની માટે યોગદર્શનમાં કહ્યું છે કે -

સ્થાન્યુપનિમંત્રણે સંગસંસ્મયાકરણં પુનર્ અનિષ્ટ પ્રસંગાત્

એટલે કે સ્થાનવાળાઓના નિમંત્રણથી જો યોગીના મનમાં અહંકાર અને મમતા પેદા થાય તો ફરીને તેને અનિષ્ટનો પ્રસંગ આવે છે.

આટલા માટે જ ત્યાગીઓને ત્રણ રાત્રીથી વધારે એક જગ્યાએ નહીં રહેવાનો શાસ્ત્રોમાં આદેશ આપેલો છે જો તેઓ એક સ્થાનમાં વધુ રહે તો મોહમમતામાં ફસાય અને સ્વાનુભવયુક્ત અમૂલ્ય જ્ઞાનનો લાભ બીજાને ના આપી શકે. અત્યારે જેમ ફરતાં પુસ્તકાલયો છે તેમ પ્રાચીનકાળમાં સાધુસંતો જીવજાગતા, ફરતા જ્ઞાનભંડારો હતા. તેઓનું પરિભ્રમણ પગે ચાલીને જ થતું. તેથી ચોમાસાના ચાર માસ પરિભ્રમણ ફરજિયાત બંધ રાખવું પડતું. આ ચાર માસ તેઓ કોઈ એક સ્થળે જ્ઞાનલાભ આપતા. આને જ ચાતુર્માસ કહેતા. ગુરુપૂર્ણિમાના દિવસથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. સંતો જ્યારે પરિભ્રમણના સમયગાળામાં હોય છે ત્યારે તો તેમનો જીવનનિર્વાહ સમાજમાંથી થઈ રહેતો હોય છે. ચાતુર્માસમાં એક જગ્યાએ સ્થિર રહેવાના કારણે નિર્વાહના પ્રબંધની આવશ્યકતા પડે છે. ચાતુર્માસના પ્રથમ દિવસે જ અર્થાત્ ગુરુપૂર્ણિમાએ ભક્તો, પ્રેમીઓ તથા સત્સંગીઓ; સૌ મળીને ગુરુસંતોનું પૂજન-અર્ચન કરે છે અને તે નિમિત્તે તેમના ચરણોમાં યથાશક્તિ-યથામતિ ભેટ મૂકવાનો

લ્હાવો લે છે. આ નિમિત્તે ગુરુસંતોના ચાતુર્માસ પૂરતા નિર્વાહનો પ્રબંધ પણ થઈ રહે છે. વળી ચોમાસામાં ભ્રમણ બંધ રહેવાને કારણે પગેથી કચરાઈને જીવજંતુના મરવારૂપ થતી હિંસા પણ અટકે છે અને કાદવ-કીચડ ખૂંદવાના ત્રાસમાંથી પણ સહેજે બચી જવાય છે.

આવાં તો કેટલાંય ગૂઢ રહસ્યો ગુરુપર્વની ઉજવણી પાછળ છુપાયેલાં છે. આને વ્યાસપૂર્ણિમા પણ કહે છે. ''વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્'' એટલે કે આખું જગત વ્યાસનું એંઠું છે. શ્રી વ્યાસજીએ પોતાના સત્સાહિત્ય દ્વારા જગતને ખૂબ ખૂબ આપ્યું છે. તેથી તેઓ પણ ગુરુ છે. આ રીતે, ગુરુસંતોનાં પૂજન-અર્ચન દ્વારા શ્રી વ્યાસજીની પણ પૂજા થઈ જાય છે. જે ગુરુસંતમાં આપણને વધુમાં વધુ ભાવના, શ્રદ્ધા, પ્રેમ હોય તેમનું પૂજન ગુરુપૂર્ણિમાને દિવસે કરીએ છીએ અને તે નિમિત્તે આપણી પાસે જે કાંઈ હોય તેમાંથી યથાશક્તિ પુષ્પાંજલિરૂપે અર્પણ કરીએ છીએ. આપણા ગુરુસંતો, અન્ય ગુરુસંતોના તથા પરમ ગુરુ પરમાત્માના પ્રતિનિધિ છે તેથી તેમને અર્પણ કરેલું બધું પરમાત્માને પહોંચે છે. જેમ ચારે બાજુ વરસાદ પડે છે તેનું બધું પાણી નદીઓમાં ભેગું થઈ અંતે સાગરમાં પહોંચી જાય છે; જેમ બધી જ નદીઓનું આશ્રયસ્થાન સાગર છે તેમ બધા જ ગુરુસંતોને અર્પણ કરાયેલ સામગ્રીને પહોંચવાનું સ્થાન પરમાત્મા છે, બધું જ પરમ ગુરુ ઓમ્ પરમાત્માને પહોંચી જાય છે તેવું અનુભવીઓનું કથન છે.

ઓમ્ જેમનું નામ છે તે પરમ ગુરુ છે. આપણામાં એવી ઈચ્છા જો કે પરમ ગુરુદેવ પરમાત્મા ઓમ્ ભગવાનનું પૂજન કરવું છે તો આપણે તેમને ગોતવા ક્યાં જઈએ? તેઓ સ્થૂળરૂપે મળવા શક્ય નથી. તેઓ તો એક સત્તામાત્ર છે. શરીરધારી ગુરુસંતો તેમના પ્રતિનિધિ છે. જેમનામાં આપણી વધુમાં વધુ શ્રદ્ધા-ભક્તિ હોય એવા શરીરધારી ગુરુસંતોના ચરણોમાં જે કાંઈ અંજલિ ચઢાવીએ તે બધું જ સત્તારૂપી શરીરધારી પરમ ગુરુને પહોંચી જાય છે. જેમ ભારતમાં કોઈપણ જગ્યાએ કાંઈપણ થાય તેની ખબર દિલ્હીમાં પડી જાય છે. કારણ કે સરકારી તંત્ર સુવ્યવસ્થિત ગોઠવાયેલું છે. એક સામાન્ય કારકુનની પાછળ પણ આખી સરકારનું પીઠબળ છે, તેમ શરીરધારી ગુરુસંતોની પાછળ પણ પરમ આધ્યાત્મિક, અખંડ સત્તાનું પીઠબળ છે. તેથી ગુરુસંતોના નિમિત્તે જે કાંઈપણ અર્પણ કરવાનો લ્હાવો લઈએ છીએ તે બધું જ આધ્યાત્મિક સત્તાને, પરમ-ચરમ ચૈતન્ય તત્ત્વને પહોંચે છે. ગુરુસંતો તે સત્તાના પ્રતિનિધિ છે. પરમ, આધ્યાત્મિક, નિરાકાર અર્થાત્ દિવ્યાકાર સૂક્ષ્મ સત્તાને આપણે યથાયોગ્ય સમજી શકતા નથી કે પામી શકતા નથી, તેથી શાસ્ત્રોમાં તેમના પ્રતિનિધિ તરીકે શરીરધારી ગુરુસંતોની યોજના કરવામાં આવી છે. આમ, અનેક રીતે આ ગુરુપર્વ મહત્ત્વનું છે.

ગુરુપૂર્ણિમાના પ્રસંગે ઓછામાં ઓછી ત્રણ રાત્રી તો શિષ્યો પોતાના ગુરુજનોના સાંનિધ્યમાં ગાળે છે; તે દરમ્યાન શિષ્યોને ઘણું બધું જાણવાનું મળે છે. ગયા વર્ષે જે સાધન મળેલું હોય તે પૂરું થઈ ગયું હોય તો નવું સાધન મળે છે અને પૂરું ન થઈ શક્યું હોય તો કેવી રીતે પૂરું કરવું તેનું માર્ગદર્શન મળે છે. એ સિવાય પણ કૌટુંબિક, વ્યાવહારિક વગેરે બીજી અગવડો વિષે પણ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. આટલા માટે જ ગુરુજનોના સાંનિધ્યમાં ત્રણ રાત્રી ગાળવાનો આદેશ છે. ગુરુપૂર્ણિમાની ઉજવણી પાછળ બીજાં પણ ઘણાં ગૂઢ રહસ્યો પડેલાં છે અને તેથી તે ગુરુપર્વ કહેવાય છે.

પહેલાં તે પર્વ વિષેની સમજણથી આપણે અજાણ હતા. જીવનમાં આવતા બીજા વ્યાવહારિક પ્રસંગો આપણે ખૂબ ધામધૂમથી અને શક્તિ ઉપરાંતના ખર્ચા કરીને ઊજવતા હતા ત્યારે ગુરુપૂર્ણિમાના પર્વની સાચી મહત્તાની આપણને ખબર ન હતી. હવે ખબર પડી તેથી હવે તે ખૂબ જ પ્રેમપૂર્વક અને ધામધૂમથી ઊજવવાની આપણી ફરજ થઈ પડે છે અને જો તેને આપણે આપણી ફરજ નહીં સમજીએ અને નહીં ઊજવીએ તો ગુરુજનો આપણને કંઈ કહેવાના નથી, કે ઠપકો આપવાના નથી, કે મારવાના નથી; તે ઊજવવું કે ન ઊજવવું તે માટે આપણે સંપૂર્ણ સ્વતંત્ર છીએ.

વ્યવહારમાં તો જો પ્રસંગ સારી રીતે નહીં ઊજવીએ તો સમાજમાં નીચું જોવું પડશે અને સમાજ વછોડી નાખશે, એ બીકે અને માન, પ્રતિષ્ઠા અને મોભો ટકાવી રાખવા ગજા ઉપરાંતનો ખર્ચ કરીને; પૈસા ન હોય તો ઉછીના લાવીને પણ પ્રસંગને સારી રીતે ઊજવીએ છીએ. પરંતુ આ તો આધ્યાત્મિક પર્વ છે. આને ધામધૂમથી સારી રીતે ઊજવીએ કે ન ઊજવીએ તેની સંતોને કાંઈ પડી નથી હોતી. પર્વ ઊજવવા તેઓ આપણને કાંઈ જ કહેતા નથી. તેઓ જે કાંઈ કરે છે તે કેવળ કલ્યાણની ભાવનાથી જ કરે છે. સર્વેના કલ્યાણ માટે સતત પ્રયત્ન કરતા રહેવું તે જ તેમના આનંદનો વિષય છે. સૌનું કલ્યાણ થાય તેને જ તેઓ પોતાના કાર્યનો બદલો સમજે છે. પરંતુ આવા સંતો માટે આપણે શું કર્યું? આપણે તેમને શું આપ્યું ? આપણે તેમને આપવાનો લ્હાવો શું લીધો ? આપણે પણ એવું કાંઈક કરવું જોઈએ કે જેથી આપણને થાય કે આપણે પણ કાંઈક કર્યું, આપણે પણ ઋણમુક્ત થવાનો પ્રયત્ન કર્યો. ગુરુસંતો તો નથી કાંઈ માગતા કે નથી તેમને કાંઈ જરૂર, પણ આ તો આપણે આપણા આનંદ માટે કરવાનું છે. આમ, આ એક દિવસ એવો છે કે જે ઊજવવાથી ‘આપણે પણ કાંઈક કર્યું’ એવો સંતોષ લઈ શકાય છે.

આ વાત સતત સ્મરણમાં રાખવાની છે કે સામાજિક પ્રસંગોમાં તો લોકો ગમે તે રીતે આપણી પાસેથી વસૂલ કરશે, ચોટી પકડીને પોતાનો હક કઢાવશે પરંતુ ગુરુસંતો કદી બદલો માગશે નહીં. તેઓ કોઈ કાર્ય બદલા માટે નથી કરતા. તે તો આપણે સાવધાનીપૂર્વક ફરજ સમજીને આપવો પડશે. જો આવી સમજણ કેળવાય તો ગુરુપૂર્ણિમાની ઉજવણી ફરજિયાત થઈ પડે છે. હકીકતમાં તો આપણે બદલો આપી જ શું શકવાના હતા? આપણે તો માત્ર હાંહાંગલોટાં કરવાનાં છે. તેનાં માટે એક દૃષ્ટાંત છે -

એક હાથી હતો. એ જમે ત્યારે તેની નજીકમાં રહેતું એક સસલું રોજ ત્યાં આવે. હાથીને જમતાં જે એઠવાડ વેરાયો હોય તે ખાઈને ચાલ્યું જાય. આ રીતે લાંબો સમય જતાં તે બંને વચ્ચે પ્રેમ થઈ ગયો. સસલું ઘણું નાનું, તોય સમજદાર જીવ. તેના મનમાં થયું કે હું રોજ આને ત્યાં જમું છું તો ક્યારેક તો મારે તેને જમાડવો જોઈએ જેનું ખાઈએ તેનું ખવડાવવું જોઈએ તે વિચાર આવવો જ જોઈએ, આવો વિચાર જેને ન આવે તે શીંગડા-પૂંછડા વિનાના પશુ જેવો, હરતાફરતા જડ પહાડ જેવો ગણાય. સસલાએ તો હાથીને આમંત્રણ આપી દીધું. હાથી વિચારે છે કે આ મારી મહેમાનગતિ કઈ રીતે કરશે?! એના ઘરમાં તો મારો એક પગ પણ સમાશે નહીં ત્યાં વધુની તો ક્યાં વાત રહી?! પણ હાથી એટલે હાથી! તેનું પેટેય મોટું અને તેના વિચારોય મોટા ઉદાર. તેના માટે ભજનની એક સરસ લીટી છે.

હાથી ચલત હૈ અપની ગતમેં,
કૂતર ભૂક્ત વાકો ભૂકન દે;
તૂ રામ સુમિર જગ લડને દે.

પોતાની મસ્તીમાં ઝૂલતા-ઝૂલતા, ધીરે ધીરે સૂંઢ હલાવતા હાથીને રસ્તે જતો જોઈને કૂતરાઓ ભસતા-ભસતા તેની પાછળ દોટ મૂકે છે. એવા ભસે છે, એવા મરણિયા થઈને ભસે છે કે તેમને લઘુશંકા થઈ જાય છે. પણ તોય કૂતરાના ભસવાની લેશ પણ અસર હાથીને થતી નથી, તે તો પોતાની મસ્તીભરી ચાલમાં જ ચાલ્યો જાય છે. તેની ચાલમાં સહેજ પણ ફર્ક પડતો નથી. ભજનની આ લીટી કલ્યાણકામીને સંબોધીને કહેવામાં આવેલી છે. આધ્યાત્મિક પંથે ચાલનારાએ હાથી જેવો સ્વભાવ રાખવો પડશે. લોકો તેની ટીકાટિપ્પણી કરશે; જેમ જેમ તે આગળ વધશે તેમ તેમ તેની નજીકના માણસો જ તેની મશ્કરી અને ઈર્ષા કરશે; જેના તરફથી આવા ઈર્ષાળુ વર્તનની કદી પણ આશા રાખી ન હતી એવા પણ તેમ કરશે. આ માર્ગ જ એવો છે. જેમ જેમ તમે તમારા ધ્યેયની વધુ નજીક પહોંચતા જાવ તેમ તેમ તમારા નજીકના જ તમને પાછા પાડવા વધુમાં વધુ પ્રયત્ન કરશે. આ માર્ગમાં આવું બને છે તેથી ભજન દ્વારા અનુભવીઓ ચેતાવે છે કે તું તારી મસ્તીમાં, કલ્યાણમાર્ગે આગળ વધ. કોઈની પણ ટીકાટિપ્પણી, ઈર્ષા-અપયશ કે નીંદા-પ્રશંસાની સહેજ પણ પરવા કરીશ નહીં. મનને સંપૂર્ણ સમાધાનયુક્ત રાખીને આગળ વધ્યે જા. લોકોના વ્યવહાર-વર્તન સામે ધ્યાન આપીશ તો પાછો પટકાઈશ. હાથીની વાત ઉપરથી આટલી વાત યાદ આવી ગઈ તેથી કહેવાઈ ગઈ.

આમ, સસલાભાઈએ આમંત્રણ આપ્યું અને હાથીભાઈએ સ્વીકારી લીધું. નિયત દિવસે સસલાની પાછળ પાછળ હાથીભાઈ પોતાની મલપતી ચાલમાં ડોલતા ડોલતા ચાલી નીકળ્યા. થોડેક આગળ વધ્યા પછી સસલાભાઈ મૂંઝાણા. વિચાર કરે છે કે હાથીની મહેમાનગતિ કરવાની મારી ગુંજાઈશ શું? હવે શું કરવું? કઈ રીતે હાથીભાઈની મહેમાનગતિ કરવી? એ તો હાથીની આગળ આગળ ગલોટિયાં ખાતા ખાતા જવા લાગ્યા. ઘડીમાં હાથીના આ પગની વચ્ચેથી તો ઘડીમાં પેલા પગની વચ્ચેથી ગલોટિયાં ખાતા ખાતા બહાર નીકળે. આમ જ્યાં સુધી પોતાનું ઘર આવ્યું ત્યાં સુધી તેણે ગલોટિયાં જ ખાધ્યે રાખ્યાં. મહાપુરુષો મહાન હોય છે. કોઈની બાંધી મૂઠી ઉઘાડી કરતા નથી. ઉઘાડી હોય તોય બંધ કરે. સસ્સાભાઈના ગલોટિયાં જોઈ તેની મનઃસ્થિતિ હાથીભાઈથી છાની ના રહી. તે તો તુરત ત્યાંથી પોતાના ઘર તરફ પાછા વળ્યા. ત્યારે પણ સસલું આખા રસ્તે ગલોટિયાં જ ખાતું રહ્યું. આ રીતે એક વેંતના સસલાએ પહાડ જેવડા હાથીની મહેમાનગતિ ''હાંહાંગલોટાં'' દ્વારા તેને ખુશ કરીને કરી.

આ દૃષ્ટાંત ઉપરથી હાંહાંગલોટાંનો અર્થ સમજાયો. આપણે સ્વપ્નમાં પણ જેની કલ્પના કરી ન હોય તેવા મહાપુરુષો આપણે ત્યાં પધારે ત્યારે આપણે તેમના માટે શું કરી શકીએ? બહુ બહુ તો પંખો નાખીએ, કે આસન બિછાવી દઈએ, કે નમસ્કાર કરીએ, કે આરતી ઉતારીએ, કે જલપાન કરાવીએ. એ વખતે આપણા મનમાં એમ થાય કે શું કરું અને શું ન કરું? એવો પ્રેમના ઊભરાનો ભાવ જાગે તેનું નામ હાંહાંગલોટાં. કારણ કે આપણને ખબર છે કે તેમણે આપણા ઉપર કેવી કૃપા વરસાવી છે! ખરેખર તો ગુરુજનોના મનમાં એ ભાવ જ હોતો નથી કે 'મેં કાંઈ આપ્યું

છે.' આપવું તે તો તેમનો સ્વભાવ છે. 'બહુજનહિતાય-બહુજનસુખાય' તે તો તેમનો જીવનમંત્ર છે. છતાંય જગત તેમને જોડાં મારે છે, તેમના કાર્યોમાં વિઘ્નો નાખે છે; પણ તેઓ, 'હશે' એમ કહીને બધું દરગુજર કરે છે. અજ્ઞાની જીવોને એ ખબર નથી પડતી કે પોતે જે ડાળ ઉપર બેઠો છે તેને જ કાપી રહ્યો છે. અને અજ્ઞાની જીવને, લઘુ જીવને આની ખબર પડે તો તે અજ્ઞાની, લઘુ શેનો કહેવાય? ગુરુજનો, લઘુ જીવોની આવી દયામય સ્થિતિ જાણતા હોય છે અને તેથી જ તેમનું પતન ન થાય તેની કાળજી રાખતા હોય છે; ભલે લઘુઓ પોતાના માર્ગમાં પથ્થરો ફેંકે તો પણ. આવા ગુરુસંતો માટે આપણે હાંહાંગલોટાં જ કરી શકીએ - અને તે જ કરવાનું છે તે કદી ન ભૂલીએ.

આપણે ફરી યાદ રાખીએ કે ગુરુપર્વના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણની જરૂરત નથી. જે પત્રિકાઓ મોકલાય છે તે એક સ્થૂળ પ્રથામાત્ર છે. ઓમ્‌પરિવાર આધ્યાત્મિક રુચિવાળા કલ્યાણપંથીઓનો સમૂહ છે. જેમને આધ્યાત્મિક રુચિવાળા કલ્યાણપંથીઓનો સમૂહ છે. જેમને આધ્યાત્મિક રુચિ ન હોય તોય માત્ર ખોટો પ્રચાર કરવા, કે લોકોના છિદ્રો જોવા જ આવતા હોય તેઓ આવા કાર્યક્રમોમાં કદીયે ન આવે તે જ વધુ સારું છે. આપણે ઈચ્છીએ છીએ કે આપણા ત્રણ ભિક્ષુઓ જેવા બીજા ભિક્ષુઓ પણ તૈયાર થતા રહે. ઓમ્‌પરિવારને સાચા અધિકારીઓ જોઈએ છે, જે બહુજનહિતાય-બહુજનસુખાય માટે મચી પડે. આપણે સૌએ હાથીની જેમ તૈયાર થવાનું છે અને તેના જેવો સ્વભાવ કેળવવાનો છે.

સૌએ પોતાની નિષ્ઠાની તાકાતને ખૂબ વધારવાની છે અને બીજાને પણ તેનો રંગ લગાડવાનો છે કે જેથી સૌનું કલ્યાણ થાય. ભલેને ઓછા આવે પણ આપણે તો અહીં સાચા નિષ્ઠાવાનની જરૂર છે. બાકી વધુ ભેગા કરીને અહીં કાંઈ કારખાનું ચલાવવાનું નથી. આ કોઈ વ્યાવહારિક સંસ્થા નથી. અહીં તો જે કોઈ આવે તેમણે સૌએ પરિવારના કાર્યમાં શક્ય તેટલો સાથ અને સહકાર આપવાનો છે. થોડે-ઘણે અંશે તમે સૌએ આવી વૃત્તિને કેળવી છે ત્યારે જ તમો અહીં આવો છો, નહીં તો આવો જ શેના? તમને સૌને અહીં આવવામાં કેટલી તકલીફ વેઠવી પડે છે તે કાંઈ અમારા ધ્યાન બહાર નથી. અહીં આવતાં પહેલાં 'ધર્મમેઘ'માં એક જિજ્ઞાસુને અમે કહ્યું કે તમે ગોવિંદપુરા ગુરુપૂર્ણિમા ઊજવવા આવો છો પણ તમને તકલીફ પડશે; ખાસ કરીને બહેનોને. જો વરસાદ હશે તો તકલીફ એકદમ વધી જશે. બધે કીચડ-કાદવ અને માખી-મચ્છરનો ખૂબ ત્રાસ. મોટી અગવડ જાજરૂની. આ સાંભળીને જિજ્ઞાસુએ કહ્યું કે જેમના મનમાં ગુરુપૂર્ણિમા અને ગુરુપૂજનની મહત્તા હશે તેમને કોઈ તકલીફ, તકલીફ નહીં લાગે. કેટલો સુંદર અને સાર્થક જવાબ! અહીં આવવા માટે હું તમને કોઈને કોઈ પ્રકારનું ભૌતિક પ્રલોભન આપતો નથી છતાંય તમે આવો છો. કારણ કે તમને સૌને ગુરુપર્વની મહત્તાની ખબર છે. અહીં આવવાની ધૂન છે તો જ આવી શકો છો. જગત આખું નાટક-સિનેમા ને મોજમજામાં લાગ્યું છે ત્યારે તમે ક્યાં ક્યાંથી, કેટલે દૂરથી આવ્યા છો! કોઈ મુંબઈ, કોઈ સુરત, કોઈ અંકલેશ્વર, કોઈ જામનગર, કોઈ હળવદ તો કોઈ સિદ્ધપુર વગેરે કેટલે દૂરથી આવ્યા છો સૌ તમે! તમારી સૌની સમજણ આધ્યાત્મિક છે, સૌને આધ્યાત્મિક લાભની આશા છે. સૌ જાણીએ છીએ કે કર્મોના જમા-ઉધારનો ચોપડો દિવ્ય હાથોમાં છે તેથી તેમાં કદી ચૂક થશે નહીં અને તેથી જ ઉત્સાહપૂર્વક સત્કર્મોનો લાભ લઈ શકીએ છીએ. અસ્તુ.

# ગુરુની શોધ

જેઓ ગુરુની શોધમાં છે તેઓ એમ વિચારતા હોય છે કે ગુરુને ક્યાં શોધવા? જેઓને ગુરુ કરવા છે તેઓ એમ વિચારે છે કે ગુરુ તો કરવા છે પણ ગુરુ કોને કરવા? ગુરુ કેવા હોવા જોઈએ તે બાબતમાં જે વાંચ્યું છે અને સાંભળ્યું છે તેવી અને તેટલી યોગ્યતાવાળી કોઈ વ્યક્તિ જણાતી જ ન હોય તો શું કરવું? આવા આવા મૂંઝવણભર્યા અનેક પ્રશ્નો થાય તે સહજ-સ્વાભાવિક છે. પણ સાથે સાથે એ વિચારવું જોઈએ કે આપણે નક્કી કરેલ છે તેટલી બધી જ યોગ્યતાવાળી વ્યક્તિ મળી જશે તો આપણે તેમને ઓળખી શકીશું? શું આપણી એટલી યોગ્યતા છે? કોઈના પણ ગાઢ પરિચય સિવાય મળતાંની સાથે તુરત જ તેમના વિશે આપણે શું જાણી શકીએ? વળી બુદ્ધિશાળી વ્યક્તિ જો ધધારે તો પોતાના વિશે આપણને કાંઈ જ ખબર પડવા ન દે અથવા પોતે ખરેખર જેવા હોય તે કરતાં પોતાને વધુ ખરાબ કે વધુ સારા પણ બતાવી શકે!

તેના માટે સહેલામાં સેહલો ઉપાય તો એ જ છે કે થોડી યોગ્યતાવાળી વ્યક્તિ મળે તો પણ આપણે તેમનામાં ગુરુભાવના રાખી શકીએ, તેમને ગુરુ માની શકીએ. તેઓ પોતાની યોગ્યતા પ્રમાણે આપણને આગળ વધારી શકે. તે દરમ્યાન જો વધુ યોગ્યતાવાળા કોઈ મળી જાય તો તેમનામાં પણ ગુરુભાવના રાખીને વધુ આગળ વધી શકાય. ''પીવું તો ગંગાજળ પાણી, નહીં તો રૌ તરસી'' આવો જડતાયુક્ત હઠાગ્રહ મુમુક્ષુએ કલ્યાણમાર્ગમાં કદી ન કરાય. તેણે તો ગુણગ્રાહી થઈને જ્યાંથી પણ કલ્યાણકારી સામગ્રી જેટલી મળે ત્યાંથી તેટલી પ્રયત્નપૂર્વક લઈ જ લેવી જોઈએ.

એવા સદ્‌ગુરુ-પૂર્ણગુરુ બહુ ઓછા હોય છે અને બહુ થોડાને પ્રાપ્ત થાય છે કે જેઓ એકડે એકથી પ્રારંભ કરાવીને ઠેઠ ટોચ સુધી લઈ જઈ શકે; અર્થાત્ જેઓ સ્થૂળ-સૂક્ષ્મ અને ભૌતિક-આધ્યાત્મિક બધી જ શંકાઓનું સમાધાન કરાવીને મુક્તિરૂપી સમાધાનમાં સ્નાન કરાવી શકે. તેવા સમર્થ સદ્‌ગુરુ મળી જાય તો પણ આપણે આપણા અજ્ઞાન, અહંકાર અને અવળચંડાઈના કારણે તેમને ખોઈ બેસીએ છીએ; હીરો હાથથી નીકળી ગયા પછી રોઈ બેસીએ છીએ. પરિપૂર્ણ ગુરુ મળી જાય તે તો મહાભાગ્યની નિશાની છે. તેને તો ઓમ્‌પરમાત્માની અહૈતુકી કૃપા જ સમજવી.

આવા સદ્‌ગુરુદેવને ઓળખવા પણ અતિ કઠિન છે. કારણ કે તેમનું જીવન, ઉપલક દૃષ્ટિએ જોતાં બધી રીતે અતિ સરળ, સાધારણ અને અતિ સામાન્ય લાગે છે અને તેથી જ તેમને ઓળખવામાં આપણે છેતરાઈએ છીએ. કારણ કે આપણામાં ઘણા ભ્રમો ઘર કરી બેઠા છે. જેમ કે :

સમર્થ સદ્‌ગુરુ તો રાજસી ઠાઠવાળા જ હોય, કે તેઓ તો છત્ર-પલંગમાં જ પોઢતા હોય; કે તેઓ તો મોટા મઠધારી કે આશ્રમધારી જ હોય; કે તેઓ તો કાષાયાંબરી, કે શ્વેતાંબરી, કે દિગંબરી કે કૌપિનધારી જ હોય; કે તેઓ તો અમુક ધર્મ-સંપ્રદાયના જ હોય; કે તેઓ તો ચમત્કારી જ હોય; કે તેઓ આમ હોય કે તેમ હોય વગેરે. આવા બધા પૂર્વગ્રહોથી મુક્ત રહેવું સરળ નથી અને જો મુક્ત રહી શકાય તો સમર્થ સદ્‌ગુરુ મેળવવામાં ઘણી સરળતા થઈ જાય.

સામાન્ય મનુષ્યોની સાચા ગુરુસંતો વિષેની કસોટી પણ કેટલી વિચિત્ર અને વિસ્મયકારક હોય છે? દર્શન માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે અને પ્રશ્નોના અગડં-બગડં ઉત્તરો માટે પણ ખાસી મોટી રકમ આપવી પડે તો જ જેને સંતોષ થતો હોય તેના માટે શું કરવું? અવળચંડાઈ કહેશે કે :

"જો ગંગાજી ઘરઆંગણે આવે તો હું રોજ તેમાં સ્નાન કરું. પણ ગંગાજી તો ઘણે દૂર છે, ત્યાં સુધી પહોંચવું કઈ રીતે?"

અને જો ગંગાજી ઘરે સ્નાન કરાવવા આવે તો કહેશે કે :

"ઘરે આવે તે ગંગાજી જ ન કહેવાય, ગંગાજી તો હરિદ્વાર કે ઋષિકેશમાં જ હોય."

સ્વભાવની આવી અવળચંડાઈના કારણે સાચા ગુરુસંતોને ઓળખી શકાતા નથી અને તેથી કાંઈ લાભ લઈ શકાતો નથી. સૂર્યનારાયણ કદી કહેવાના નથી કે હું સૂર્ય છું. તેઓ તો પોતાના અવિરત કાર્યમાં એવા લાગેલા રહે છે કે તેમને એવું કાંઈ કહેવાની જરૂરતેય નથી કે સમયેય નથી. સૂર્યને સૂર્ય તરીકે ઓળખી શકીએ તેટલી સમજણ તો આપણે જ કેળવવી જોઈએ.

પ્રથમ શોધમાં જ જેને પૂર્ણગુરુની પ્રાપ્તિ થઈ હોય અને તે તેમને ઓળખીને એમ સમજી લે કે હવે મારે બીજે ક્યાંય જવાની જરૂરત નથી, એવા સાધકો તો બહુ ઓછા હોય છે. જેને આવી ખબર પડી હોય છે તેવાઓમાંથી પણ પ્રમાદરહિત થઈને પૂર્ણ લાભ લેનારા અતિ ઓછા હોય છે. કોઈ તો ખબર પડ્યા છતાંય એવી દીર્ઘસૂત્રતામાં રાચીને જ અમૂલ્ય સમય વેડફી નાખે છે કે **"શું ઉતાવળ છે? પૂર્ણગુરુ મળ્યા જ છે; ગુરુજી ઘરના જ છે; લાભ લઈશું ક્યારેક."** તો, કોઈ તો વળી આંશિક ગુરુને જ પૂર્ણગુરુ માનીને, તેમનો હવાલો આપીને જેની તેની જોડે શઠસંગ કરતાં ફરે છે. તો, કોઈ તો આંશિક ગુરુજનોના પરિચયમાં આવી આવીને બિચારા એવા થાકી ગયા હોય છે કે જ્યારે પૂર્ણગુરુ મળે છે ત્યારે થાક અને કંટાળાના કારણે સહેજ પણ આગળ વધી શકતા નથી. કોઈ તો ગુરુને શોધવા અથક પ્રયત્નો કરે છે તોય તેને ગુરુ મળતા નથી, તો કોઈને ગુરુ સામેથી શોધતા આવે છે! આવી આવી ઘણી બધી ચિત્ર-વિચિત્રતાઓ હોવા છતાંય આ સૌ સાચા રસ્તે ચડી ચૂકેલા જીવો છે તે નિઃશંક છે. તેઓ સૌ વહેલા કે મોડા સ્વસ્થાને જરૂર પહોંચી જવાના જ.

જેમને સમર્થ સદ્ગુરુ મળ્યા નથી તેમને સદ્ગુરુ મળે ત્યાં સુધી નિરાશ થઈને, રાહ જોઈને બેસી ન રહેવાય. જેટલું અને જ્યાંથી, જે કાંઈ કલ્યાણકારક મળે તે ભેગું કરી જ લેવું જોઈએ. કહે છે ને કે ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. "ક્રમિક ગુરુપરંપરા" દ્વારા પણ વિકાસ સાધી શકાય છે. વર્તમાન ગુરુ દ્વારા પૂરો સંતોષ ન મળતાં અન્ય ગુરુ પાસે ગયેલા સાધકને જ્યારે એમ લાગે કે અહીં તો પહેલા જેટલોયે વિકાસ સંભવ નથી, તો તેણે પહેલાંના ગુરુજી પાસે પાછા જવામાં સંકોચ કે માનભંગ ન અનુભવવો જોઈએ, તો જ વિકાસ સાધી શકાય. કેવળ કુતૂહલવૃત્તિથી પ્રેરાઈને જ્યાં ત્યાં અને જેમ તેમ ભટકનાર સાધક જન્મો સુધી ભટકતો જ રહે છે કોઈ કોઈ ગાયને એવી ખરાબ આદત પડી ગઈ હોય છે કે સારામાં સારો ખોરાક મળતો હોવા છતાંય તેને

છોડીને લોકોની વિષ્ટા ખાવા ગંદાં સ્થાનોમાં ભટકતી ફરે છે. આવી ભટકણને ‘ઓખર કરવી’ કહે છે. આવી ઓખરવૃત્તિવાળાના ભાગ્યમાં સદાય ઓખર કરવાનું જ રહે છે.

આપણી લઘુતા ટાળનાર સર્વે આપણા ગુરુ જ કહેવાય. જે આપણી લઘુતા જેટલા પ્રમાણમાં અને જેવા પ્રકારની ટાળે તે તેટલા પ્રમાણમાં અને તેવા પ્રકારના ગુરુ છે. લઘુતા ટળવાથી જે ગુરુતા, જ્ઞાન, જાણકારી પ્રાપ્ત થાય છે તે કલ્યાણકારી જ હોવી જોઈએ, તો જ તે ગુરુતા કહેવાય અને તો જ તે આપનારને ગુરુ કહેવાય. જો કે તાત્ત્વિક રીતે જોતાં હાલમાં જે અકલ્યાણકારી લાગતું હોય છે તે પણ સરવાળે તો કલ્યાણકારી જ સાબિત થાય છે. કારણ કે એ પણ એક પ્રકારનો અનુભવ છે અને અનુભવ પણ એક પ્રકારના ગુરુ છે. અનુભવે જે કાંઈ અકલ્યાણકારી કે નુકસાનકારક લાગે છે તે સમયના પ્રવાહ સાથે અનાયાસે જ છૂટી જાય છે. સૌને લાભ જ જોઈએ છે, નુકસાનવાળું પસંદ થઈ જાય છે તે તો ખોટી અને ઓછી સમજણના કારણે.

આ રીતે જોતાં અત્યારે આપણે જે કાંઈ સદ્ધરતા પ્રાપ્ત કરી છે તે બીજાઓ પાસેથી જ જાણ્યે-અજાણ્યે પ્રાપ્ત કરી છે. કોઈ પાસેથી ભૌતિક તો કોઈ પાસેથી આધ્યાત્મિક, કોઈ પાસેથી સ્વાર્થની તો કોઈ પાસેથી પરમાર્થની, કોઈ પાસેથી યોગસાધનાની તો કોઈ પાસેથી રોગ કાઢવાની, કોઈ પાસેથી ભણતર-ગણતરની તો કોઈ પાસેથી ચણતરની વિદ્યા આપણને પ્રાપ્ત થઈ છે. મતલબ કે આપણે બીજાઓના એટલા બધા દેણદાર છીએ કે જો સૌને સૌનું પાછું સોંપી દઈએ તો આપણી પાસે આપણું કહીએ એવું કાંઈ જ ન બચે! આ બધું આપનાર સૌને આપણે શું આપી શકીએ? કેવી રીતે આપી શકીએ? સમસ્ત ગુરુમંડળને તેમના પ્રદાનના બદલામાં આપણે માત્ર શ્રદ્ધા-અંજલિ આપી શકીએ. બદલો, માત્ર અંજલિરૂપે આપી શકીએ. આવી ભવ્ય અંજલિ આપવા માટેનો જે દિવસ નક્કી થયો છે તે છે ગુરુપૂર્ણિમા, જે વર્ષમાં ફક્ત એક જ વખત આવે છે.

આપણી પરંપરામાં તો મૃતક પિતૃઓને પણ શ્રદ્ધાંજલિ આપવા શ્રાદ્ધના સોળ દિવસ નક્કી થયેલા છે, શક્તિઉપાસના માટે નવરાત્રિના નવ દિવસ નક્કી થયેલા છે; શિવઉપાસના માટે શિવરાત્રી નક્કી થયેલી છે અને સફાઈ માટે દિવાળીના દિવસો નક્કી થયા છે. તો શું, ગુરુમંડળને ગુરુભાવાંજલિ અને ઋણમુક્તાંજલિ અર્પવા માટેનો કોઈ દિવસ નક્કી નહીં થયેલો હોય? તો શું, સમષ્ટિગુરુને તૃપ્ત કરવા અને શ્રદ્ધાંજલિ ચઢાવવા કોઈ તિથિ નક્કી નહીં થયેલી હોય? કેમ ન હોય? જરૂર છે અને તે છે ગુરુપૂર્ણિમા અર્થાત્ અષાઢ સુદ પૂનમ.

ગુરુપૂર્ણિમાના દિવસે વ્યષ્ટિગુરુજનોના પાદપદ્મમાં શ્રદ્ધાંજલિ-અર્પણ દ્વારા સમષ્ટિગુરુજનોને પણ શ્રદ્ધાંજલિ અર્પવાનો લ્હાવો લઈ શકાય છે. ગુરુપૂર્ણિમા એટલે લઘુઓને, શિષ્યોને ગુરુ બનાવનાર, ગરિમા આપનાર પૂનમ.

આજે આ ગુરુપર્વનો ઉત્સવ ખૂબ જ પ્રેમ અને ઉત્સાહપૂર્વક ઊજવ્યો. દરેક પર્વ આ રીતે જ ઊજવીએ છીએ. કારણ કે સૌમાં સાચી સમજણ છે. માટે સૌને ધન્યવાદ. આપણા સૌની સાચી સમજણ અને નિષ્ઠામાં પરમકૃપાળુ પરમાત્મા રાત-દિવસ વૃદ્ધિ કરતા જ રહે એવી પ્રાર્થના. આપણી ગુરુનિષ્ઠા સૌ માટે પ્રેરણાદાયી બની રહે એવી હજો; એવી અભિલાષા સાથે... **જય નારાયણ, જય ઓમ્‌ગુરુદેવ.**

## -: ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના પ્રકાશનો :-

### -: જયનારાયણ ગ્રંથાવલી :-

ગુજરાતી — રૂ. પૈસા

૧. ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) (બીજી આવૃત્તિ) ....................૫૫.૦૦
૨. મુક્તા (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) (ત્રીજી આવૃત્તિ) ................૯૦.૦૦
૩. શાંતા (પાતંજલ યોગદર્શન-સાધનપાદ) (બીજી આવૃત્તિ) .................૬૦.૦૦
૪. મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિ) (તૃતીય આવૃત્તિ) .........૬૫.૦૦
૫. ઈશ્વરની ઓળખ (ઈશ્વર કોને કહી શકાય?) (પાંચમી આવૃત્તિ) ............૩૫.૦૦
૬. મંત્રવિજ્ઞાન અને ધ્યાન (ત્રીજી આવૃત્તિ) ..............................૫૦.૦૦
૭. નિર્ઝર ઝર્યું કો ગેબથી (આવૃત્તિ-૨ વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત) ...૧૫.૦૦
૮. કિસકો લાગું પાય? (ત્રીજી આવૃત્તિ)....................................૦૫.૦૦
૯. સ્વાધ્યાય (ત્રીજી આવૃત્તિ) ...........................................૬૦.૦૦
૧૦. મારે સમાજને બેઠો કરવો છે. (ચતુર્થ આવૃત્તિ) .......................૫૨.૦૦
૧૧. પ્રેરણાસિંધુ (ત્રીજી આવૃત્તિ) ........................................૮૦.૦૦
૧૨. પ્રેરણાપીયૂષ (શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો) (પ્રથમ આવત્તિ) ....૦૮.૦૦
૧૩. કડવું અમૃત (ચોથી આવૃત્તિ) .........................................૮૦.૦૦
૧૪. મૃતસંજીવની (પહેલી આવૃત્તિ) .......................................૧૧૦.૦૦
૧૫. વીજળીના ઝબકારે (પહેલી આવૃત્તિ) ..................................૧૦૦.૦૦
૧૬. આધ્યાત્મિક ગરબા (ક્રાંતિકારી તળપદી)................................૨૫.૦૦
૧૭. અમૃત છલકાયું ભિક્ષુ ઝોળીએથી .......................................૨૦.૦૦
૧૮. અમેરિકા - શુભેચ્છા યાત્રા ...........................................૨૦.૦૦
૧૯. આજનું ભાથુ (આવૃત્તિ પ્રથમ) .......................................૧૪૦.૦૦
૨૦. આજનું ભાથુ-૨ (આવૃત્તિ પ્રથમ) .....................................૧૪૦.૦૦
૨૧. વિણેલા પુષ્પો (આવૃત્તિ દ્વિતીય).......................................૭૦.૦૦
૨૨. ગેબી અવતરણ ..........................................................૧૪૦.૦૦

ૠતમ્ભરા (ત્રિમાસિક) લવાજમ : ત્રિવાર્ષિક રૂા.૧૦૦.૦૦, આજીવન રૂા.૫૦૦.૦૦
પરદેશ ત્રિવાર્ષિક : $ ૫૦, આજીવન : $ ૧૫૦

**हिन्दी**

૧. ईश्वर की पहचान (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી) ..........................૧૧.૦૦
૨. क्रांत-चिंतन (પૂ.યોગભિક્ષુજી અને ઓ.પ્રે.પ.ટ્રસ્ટનો પરિચય) .............૧૭.૦૦
૩. मुक्ता (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) ...................................૫૫.૦૦
૪. निर्झर झरा को गेब से ..................................................૦૭.૦૦

**English**

1. Streaming from The invisible (The Subtlest causes of world unrest)....................7.00
2. Easiest is Realization (Articles) ....................................................5.00
3. Yogabhikshu – An Introduction ......................................................5.00
4. I wish to Awaken The Society ........................................................10.00

प्रेम-समर्पण-ध्यान

ॐ

'लघु; गुरु बनकर ही रहेगा'